## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ





બેટા... બહુ ધ્યાન રાખીને વ્રત કરજે... નહીં તો મારા જેવું થશે.

# શહેરના સેક્ટર-૧ થી ૫માં માઈક્રો શોંપીગ બનાવવા નગરજનોની માંગ

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે દરેક સેકટરોમાં શોંપીગ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. તે ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, સલામતી, પોસ્ટ ઓફિસ, રમત-ગમત માટે ગાર્ડન દરેક સેકટરમાં નિર્માણ કરાયા હતા. પરંતુ સમય સંજોગને કારણે જાળવણીના અભાવે બિસ્માર થઈ ગયા છે. ત્યારે સેકટરમાં વસતા વસાહતી ભાઈ બહેનોને પણ ઘર ઉપયોગી ચીજવસ્તુ ખરીદી માટે દુર જવુ ન પડે તે માટે દુકાનો બનાવાઈ છે. તેમજ નાના વેપારીઓ માટે માઈક્રોશોપીંગ બનાવાયું છે. જેથી લારી-ગલ્લાના દબાણો સેકટરમાં ઉભા થાય નહીં અને યુવાનોને રોજગારી મળી રહે. પરંતુ જુના સેકટરોમાં માઈક્રોશોંપીગ આવેલા છે પરંતુ નવા સેકટરોમાં માત્ર સે-૬ અને સે-૭ માં જ છે. ત્યારે સેકટર-૧ થી ૫ માં માઈક્રોશોપીંગ સેન્ટર તૈયાર કરાયા નથી, જેથી નાના વેપારીઓને અન્યાય કરતા છે. ત્યારે સેકટર-૧ થી ૫ માં પણ માઈક્રોશોપીંગ બનાવવામાં આવે તેવી પ્રબળ માંગ નગરજનોમાં ઉઠવા પામી છે.

હાલની કારમી મોંઘવારીમાં પરિવારનું ભરણપોષણ કરવુ ખુબ અઘરુ બની ગયું છે. દરેક ચીજવસ્તુઓના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ત્યારે શહેર અને સેકટરોના માર્ગો પર લારી-ગલ્લા મુકીને વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરીને રોજી-રોટી રળતા યુવાનોની રોજી છીનવાઈ જવા પામી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શહેરના તમામ દબાણો દુર કરી દેવાયા છે. જેથી સેકટરમાં ઉભા રહેતા વેપારીઓનો પણ સમાવેશ થાય છે. જેથી જુના દરેક સેકટરમાં નાના વેપારીઓ માટે તંત્ર દ્વારા માઈક્રોશોંપીગનુ નિર્માણ કરાયું છે. નવા સેકટરમાં પણ સે-૬ અને ૭ માં બનાવાયું છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નવા સેકટરમાં ૧ થી ૫માં અને નવા વિસ્તારમાં નાના માઈક્રોશોપીંગ તૈયાર કરીને નાના વેપારીઓને આપે તો દબાણ પણ દુર થાય અને બેરોજગાર યુવાનોને રોજગારી પણ મળી રહે. ત્યારે શહેરમાં માઈક્રો શોંપીગ બને તેવી પ્રબળ માંગ નગરજનોમાં ઉઠવા પામી છે.



માતૃત્વની ભાવના એ કુદરતની અણમોલ દેન છે જે મનુષ્યથી માંડીને તમામ પ્રાણીઓમાં કુદરતે એક સરખી આપી છે. અબોલ પ્રાણીઓ પણ જયારે બચ્ચાંને જન્મ આપવાનો હોય ત્યારે તેમની સલામતી અંગે ખૂબ જ કાળજી રાખે છે. તેનું ઉદાહરણ ગાંધીનગરના સેકટર-૬માં એક ખાનગી બેંકના એટીએમ સેન્ટરમાં એક કૂતરીએ તેના ગલૂડિયાઓને જન્મ આપ્યો છે. એરકન્ડિશન્ડ એટીએમ સેન્ટરમાં કૂતરીને પોતાના બચ્ચા માટે સલામત સ્થળ લાગ્યું હશે પરંતુ આ કારણે એટીએમ પર આવતા ગ્રાહકો માટે વિમાસણ ભરી પરિસ્થિતિ સર્જાઈ છે. કેમ કે તાજાં બચ્ચા હોવાથી કૂતરી કોઈ અજાણ્યાને એટીએમમાં ઘુસવા દેતી નથી.

# ચરાડા ચોકડી પાસે મંદિર નજીક જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

### ૧૩ હજારના મુદ્દામાલ સાથે માણસા પોલીસે કરી પાંચની ધરપકડ

ગાંધીનગર, તા.૨૨

માણસા તાલુકાના ચરાડા ગામની ચોકડી પાસે આવેલા જોગણી માતાના મંદિર નજીક ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માણસા પી.આઈ પી.જે.પટેલ ની સૂચનાથી તેમની ટીમે દારૂ-જુગારની પ્રવૃત્તિઓ માણસા પોલીસની ટીમે દરોડો પાડી પાંચ શખ્સોને જુગાર રમતા પકડી પાડયા હતા. માણસા તાલુકાના પડુસ્મા ગામના વિષ્ણુ બળદેવ રાવળ, ચરાડા ગામના



હોવાની બાતમીના આધારે માણસા પોલીસે દરોડો પાડ્યો હતો. ખુલ્લેઆમ જુગાર રમી રહેલા માણસા આસપાસના ગામના પાંચ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ પકડી પાડી પોલીસે તેમની પાસેથી ૧૩ હજાર રૂપિયાનો નેસ્ત નાબુદ કરવા બાતમીદારો સક્રિય કર્યા છે ત્યારે આ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ચરાડા ચોકડી પાસે આવેલા જોગણી માતાના મંદિર નજીક ખુલ્લામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે સુરેશ નારણ રાવળ, જગદીશ ચંદુ રાવળ, મુકેશ બાબુ રાવળ અને મહેન્દ્ર ઉર્ફે ભૂરો અશોક ઠાકોર મળીને પાંચ શકુનીઓની રૂ. ૧૩,૨૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પાંચેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફેન્સીંગની નેશનલ ચેમ્પિયનશીપમાં છઠ્ઠો ક્રમ મેળવતો ત્રિવિધ પટેલ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના વાવોલ ખાતે રહેતા અને અમદાવાદ જિલ્લાના સિનિયર કોચ નિમેષ પટેલના પુત્ર અને સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં ધોરણ-૫ માં અભ્યાસ કરતા ત્રિવિધ પટેલે ૧૬ થી ૧૮ જુલાઈ ૨૦૧૮ દરમિયાન નાશીક, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ ૩જી અંક-૧૦ ફેન્સીંગ નેશનલ ચેમ્પીયનશીપમાં છઠ્ઠુ સ્થાન મેળવી મેડલ જીતીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

અમદાવાદના ખોખરા ખાતે તા.૭ જુલાઈના રોજ યોજાયેલ સ્ટેટ ફેન્સીંગ ચેમ્પીયનશીપમાં ગાંધીનગરના ૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓમાં સેબર ઈવેન્ટમાં સેન્ટ જેવિયર્સ સ્કુલના ત્રિવિધ પટેલ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તેમજ ઈપી ઈવેન્ટમાં રાજ ચૌધરીએ સિલ્વર મેડલ અને રાઠોડ પુર્વિનસિંહે બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. બંન્ને વિદ્યાર્થીઓ શહેરની જે.એમ.ચૌધરી શાળાના વિદ્યાર્થીઓ છે. જયારે બહેનોમાં સઈજ પ્રાથમિક શાળાની પ્રિયા ઠાકોરે ઈપી ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ, સ્વામી નારાયણ ગુરૂકુલની માહીબાએ ઈપી ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ, એસએસવી કેમ્પસ સે-૩ ની તનશ્રી દરજીએ બ્રોન્ઝ મેડલ તેમજ જે.એમ.ચૌધરી સ્કુલની જૈની ચૌધરી, ક્રિશી પટ્ટણી અને ધ્રુવિએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. આ તમામ ખેલાડીઓની ગુજરાતની ટીમમાં પસંદગી થઈ હતી. અને તા.૧૬ થી ૧૮ જુલાઈ ૨૦૧૮ દરમિયાન નાશીક ખાતે યોજાયેલ ૩જી અં-૧૦ ફેન્સીંગ નેશનલ ચેમ્પીયનશીપમાં ગુજરાતનું પ્રતિનિધીત્વ કર્યુ હતું.

જેમાં ત્રિવિધ નિમેષકુમાર પટેલે સેબર ઈવેન્ટમાં રાષ્ટ્રીય કક્ષાએ છઠ્ઠુ સ્થાન મેળવી ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. ત્રિવિધ પટેલએ ફેન્સીંગ કોચ ભરતજી ઠાકોર અને રત્નદીપ સોલંકી પાસે તાલીમ મેળવી હતી. રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લેનાર તમામ ખેલાડીઓ તથા રાષ્ટ્રીય કક્ષાએ છઠ્ઠુ સ્થાન મેળવનાર ત્રિવિધને એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકીએ મંત્રી ભરતજી ઠાકોરે અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

# મેટલહેડ રાઈડર્સ ક્લબે ૧૮ દિવસની સાહસિક રોમાંચક રાઈડ માણી

ગાંધીનગરની મેટલહેડ રાઈડર્સ ક્લબે ૧૮ દિવસની રોમાંચક લેહ-લદ્દાખ રાઈડ પૂર્ણ કરી છે. આ રાઈડમાં એક યુવતિ સહિત ૧૮ રાઈડર્સ જોડાયાં હતા અને ૭ બુલેટ બાઈક, એક થાર, એક ઓડી અને એક ડસ્ટર કાર સહિત કુલ ૧૦ વાહનોનો ઉપયોગ કરાયો હતો.

ગાંધીનગરથી લેહ-લદ્દાખ થઈને પરત ગાંધીનગર સુધીની આશરે ૪૯૦૦ કિમીની સાહસિક રોમાચંક સફરનો પ્રારંભ તા. ૬ઠ્ઠી જુલાઈના રોજ કરાયો હતો જેમાં ગાંધીનગર ઉપરાંત ગુજરાતના વિવિધ શહેરોમાંથી




મળીને કુલ ૧૮ રાઈડર્સ જોડાયા હતા. આ રાઈડ દરમ્યાન આ રાઈડર્સે દુનિયાના ત્રણ સૌથી વધુ ઊંચાઈ ધરાવતા પાસ જેવા કે ખાર દુંગલા પાસ, રોહતાંગ પાસ અને તાંગલાગલાયાસ પસાર કર્યા હતા. આ સાહસિક રાઈડ દરમ્યાન બરફ વર્ષા, વરસાદ, વાવાઝોડાં તેમજ વાહન ક્ષતિજનક થવુ જેવી મુશ્કેલીઓ નડી હતી તે તમામનો આ ગૃપે સાથે મળી સામનો કર્યો હતો અને પાર પાડી હતી. આ રાઈડનો ઉદ્દેશ યુવાનોમાં સાહસિકતા અને રાષ્ટ્રીયતાની ભાવના પ્રસરાવવાનો હતો.

# ચિલોડા મોટા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે ગ્રામ્ય તાલુકા કક્ષાનો કલા મહાકુંભ મહોત્સવ યોજાયો

ચિલોડા, તા. ૨૨

ગુજરાત સરકાર દ્વારા આયોજીત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અન્વયે જિલ્લા રમતગમત અધિકારી કચેરી ગાંધીનગર-ચિલોડા ઓમલેન્ડ સ્કૂલ ખાતે તા. ૨૦મી જુલાઈના રોજ ગાંધીનગર ગ્રામ્ય તાલુકા કલા મહાકુંભ-૨૦૧૮ યોજાઈ હતી. કલા મહાકુંભ-મહોત્સવની શુભારંભ શાળાની બાળાઓએ પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનોના હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય જી.એસ. દેધરાટીયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત દ્વારા કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો અને મહેમાનો તથા નિર્ણાયકોની તટસ્ટ નિર્ણાયક ભુમિકા બજાવવા હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

# વયસ્કોની આરોગ્યલક્ષી સેવામાં માત્ર દોઢ મહિનામાં ૧૦૭ વડીલો નોંધાયા

ગાંધીનગર, તા.૨૨

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગર શહેરમાં પાયલોટ પ્રોજેકટ શરુ કરવામાં આવ્યો છે. જેમાં ૭૦ વર્ષથી વધુ વયના નાગરીકોને એક માસમાં બે વાર આરોગ્યલક્ષી ચકાસણી કરવામાં આવશે. જેમાં ડાયાબીટીસ, તાવ, બ્લડપ્રેશર તેમજ બીજા ટેસ્ટ કરી જરુરી દવાઓ પણ આપવામાં આવે છે. આ સેવામાં માત્ર રૂ. ૧૦૦૦ વાર્ષિક ભરવાના છે. ત્યારે દોઢ મહિનાના ટુંકા ગાળામાં આ સેવા લેવા માટે ૧૦૭ વડીલો નોંધાઈ ચુક્યા છે. આરોગ્યના આ પાયલોટ પ્રોજેકટને ગાંધીનગરમાં ભારે સફળતા મળી છે. જયારે વયસ્ક વડીલોની સેવામાં મોટાભાગના સેકટર-૧,૭,૮,૩, ના વધુ છે તો બીજીતરફ કેટલાક પતિ-પત્નિ છે. સિવિલ તંત્ર દ્વારા બે ટીમ બનાવાઈ છે. હજુ આ પાયલોટ પ્રોજેકટ માટે વધુ સ્ટાફની જરુરીયાત ઉભી થાય તેમ છે. ત્યારે સ્ટાફ ન હોવાથી સિવિલ તંત્ર પણ મુંજવણ અનુભવે છે. જયારે આગામી સમયમાં પણ પુછપરછ શરુ હોવાથી વધુ વયસ્ક વડીલો આ સેવાનો લાભ લેવા માટે નોંધાય તેવી શકયતાઓ છે. એક વર્ષ સુધી મહિનામાં બે વાર રૂટીન ચેકઅપ માટે ટીમ ઘરે આવીને ચેક કરી જાય છે. સમયસર અને નિયમિત આ સેવાનો લાભ મળતા વયસ્ક વડીલોમાં પણ સરકારના આ પાયલોટ પ્રોજેકટને પગલે ખુશી છવાઈ છે.

## જાગૃત વસાહત ફોરમ દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ કરાઈ

બેંક ઓફ બરોડાના સ્થાપના દિને વિવિધ કલ્યાણકારી, સમાજોપયોગી કાર્યો થકી રીજીયોનલ મેનેજર દક્ષાબેન શાહની પ્રેરણાથી બેંક ઓફ બરોડા, ગેજીયા શાખા જીઆઈડીસીના બ્રાંન્ચ મેનેજર પંકજભાઈ એચ.ચૌહાણ અને રાજેશભાઈ ચૌધરી તેમજ જાગૃત વસાહત ફોરમના પ્રવિણભાઈ રામી, મહેન્દ્રભાઈ કે.ચૌહાણ, નટુભાઈ પટેલ, ઉષાબેન ચૌહાણના વરદ હસ્તે જીઈબી ક્રોસ રોડ સેવા વસ્તી (છાપરા), ખાતે ગરીબ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ જેમાં ફુલ સ્કેપ ચોપડા, નોટબુક, વેકસ કલર કેમ્પાસ, પેન્સીલ, સંચો અને રબ્બર સાથેની કીટ તેમજ નાસ્તો અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# CM રૂપાણી પાસે વાયબ્રન્ટ સલાહકાર નથી પણ ટીમ ગુજરાત છે, PMO સતત મોનીટરીંગ કરશે

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાત સરકાર પાસે ઈન્ડસ્ટ્રીઝમાં એક એડવાઈઝરની નિયુક્તિ થઈ નથી તે કમી છે બાકી વાયબ્રન્ટની ટીમ તૈયાર છે. ૨૦૧૯માં આવી રહેલા વૈશ્વિક મેળાનું નેતૃત્વ રાજ્યના ચીફ સેક્રેટરી ડો. જે.એન.સિંઘ લેશે અને તેમના હાથ નીચે બાકીની ટીમ તૈયાર છે. ફોરેસ્ટમાં રાજીવકુમાર ગુપ્તા છે. ઉર્જામાં રાજગોપાલ છે. પોર્ટ અને ટ્રાન્સપોર્ટમાં સુનયના તોમર છે. જીએસપીસીમાં ટી. નટરાજન

### સચિવાલયમાં વાહનની હવા કાઢવામાં આવે છે પરંતુ જવાનની માનવતા હોય છે

છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અગ્રસચિવ મનોજ દાસ પાસે ઉદ્યોગનો હવાલો છે. કારણ કે ગુજરાત સરકાર તેમને ઉદ્યોગ વિભાગમાં રાખવા માગે છે. તાજેતરમાં થયેલી બદલીઓમાં ઉદ્યોગ વિભાગ સાથે ઈન્ડેક્ષ્ટ-બી, ઉદ્યોગ કમિશનરેટ અને જીઆઈડીસી જેવા સંલગ્ન વિભાગોને બાકાત કરી દેવામાં આવ્યા છે. ઈન્ડેક્ષ્ટ-બીમાં એમડી તરીકે રાજકુમાર બેનિવાલ છે. જીઆઈડીસીમાં સુપ્રિમો ડી. થારા છે. ઉદ્યોગ કમિશનર અને ઈન્ડેક્ષ્ટ-બીના ચેરમેન તરીકે મમતા વર્મા છે. આ છે વિજય રૂપાણીની વાયબ્રન્ટ ટીમ. આ ટીમમાં ટુરિઝમ વિભાગના વડા એસ.જે. હૈદર છે. આ પાંચ ઓફિસરોને હાલ પુરતા તો ડિસ્ટર્બ કરવામાં આવ્યા નથી આ પાંચ ઓફિસરોના માથે ગુજરાત ગ્લોબલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનો ભાર છે. વાયબ્રન્ટ સમિટની મોદી સરકારમાં એક અલગ ટીમ હતી તેમ આ ટીમ વિજય રૂપાણીના વાયબ્રન્ટને વાયબ્રન્સીમાં કન્વર્ટ કરી શકે છે. હવે જો ડિસેમ્બર સુધીમાં કોઈ ફેરફાર ન થાય તો આ ટીમ વાયબ્રન્ટ સમિટની લીડ લેશે. સરકારમાં માત્ર એક જ સલાહકાર છે અને જળ નિષ્ણાંત નવલાવાલા છે જે મોદીના સમયથી ચાલતા આવે છે. તેમને ખસેડવામાં આવ્યા નથી કારણ કે નર્મદા યોજના જેવી બીજી કલ્પસર યોજનામાં તેમનો ફાળો છે.

**હાઇકોર્ટના આદેશની સચિવાલયમાં અસર...**

ગુજરાત હાઈકોર્ટે અમદાવાદના ભરચક માર્ગો તેમજ અણઘડ ટ્રાફિક નિયમન અંગે પોલીસ કમિશરને આડે હાથ લીધા પછી એસજી હાઈવેનો ટ્રાફિક નિયંત્રણમાં આવી ગયો છે. પાર્કિંગ સુધર્યું છે. વડોદરામાં તો સરકારી તંત્રએ અદાલતના આદેશ વિના ટ્રાફિક નિયમન સુધારવાનો પ્રયાસ કર્યો છે. મજાની વાત એવી છે કે સચિવાલયમાં થતું આડેધડ પાર્કિંગ હવે નિયમિત બન્યું છે. સચિવાલયના ઈન્ટરનલ માર્ગની સાઈડે પાર્ક થતાં વાહનોને પાર્કિંગમાં વ્યવસ્થિત પાર્ક કરવાનો આદેશ સલામતી જવાનોએ આપ્યો છે. જવાનની નજર બહાર જો કોઈએ રોડ સાઈડે પાર્કિંગ કર્યું હોય તો જે તે વાહનના વ્હિલની હવા કાઢી નાંખવામાં આવે છે. જો કે સલામતી રક્ષકો વાહનચાલકોની મજબૂરીનો ખ્યાલ રાખે છે તેથી તેઓ વ્હિલમાંથી હવા કાઢે છે પરંતુ વાહન પેટ્રોલપંપ સુધી પહોંચે તેવી સ્થિતિમાં હોય છે પણ લાંબા અંતર સુધી એ વાહન ચલાવી શકાય નહીં, કેમ કે હવા કાઢેલી હોય છે.

**રાજનીતિમાં હવે આલિંગનની પ્રથા શરૂ થઇ છે...**

રાજનીતિમાં હગની પ્રથા શરૂ કરનારા નરેન્દ્ર મોદી એકલા નથી. ભારતનો ભૂતકાળ રહ્યો છે કે રાજનેતાઓ ભેટીને વાતો કરે છે. પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ પણ અનેક રાજનેતાઓને ભેટ્યાં છે. રાજીવ ગાંધી અને અટલ બિહારી વાજપેયી પણ ભેટ્યાં છે. મોદી વડાપ્રધાન બન્યા પછી જ્યારે વિદેશ પ્રવાસ ગયા છે ત્યારે તેમણે અસંખ્ય મહાનુભાવો સાથે હાથ મિલાવ્યા નથી પરંતુ ગળે મળ્યા છે. અમેરિકાના પ્રેસિડેન્ટ બરાક ઓબામા હોય કે ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના પુતીન હોય કે ચીનના પ્રેસિડેન્ટ શી જીનપિંગ—તમામ સાથે હગ ડિપ્લોમસી થઈ છે. આપણા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી એટલા બધા સરળ અને મિલનસાર છે કે તેમને જાદુ કી જપ્પી આપવી હોય તો આપી શકાય છે. વિધાનસભા ચાલુ હોય ત્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પરેશ

## લ્યો, હવે ગુજરાતના વધુ સાત આઇએએસ ઓફિસરો ડેપ્યુટેશન ઉપર જઇ શકશે

ધાનાની પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીને જાદુ કી જપ્પી આપી શકે છે. આ શબ્દ સંજયદત્તની ફિલ્મ મુન્નાભાઇ એમબીબીએસ ફિલ્મમાં જોવા મળ્યો હતો. નમસ્તે... એ ભારતની પેટર્ન છે. કોઈપણ વિદેશી નમસ્તે કહીને એક ભારતીયને આવકાર આપતો હોય છે. હસ્તધૂનન એ વિદેશની પ્રથા છે. આપણે હસ્તધૂનન કરતાં થઈ ગયા અને વિદેશીઓ બે હાથ જોડીને નમસ્તે કહેતા થયા છે એવામાં જો હગની પ્રથા ચાલુ રહે તો મનની સાથે દિલ પણ મળશે એટલે નફરત પ્રેમમાં પલટાઈ જશે.



**૩૬ વર્ષના યુવાને અઢી લાખ વૃક્ષોનું જતન કર્યું છે...**

સરકાર વનમહોત્સવ કરે છે પરંતુ રાજ્યના કોઈક ખૂણે એવું ઉમદા કામ થઈ રહ્યું છે જે સમાજ માટે ગૌરવની બાબત છે. હમણાં જ એક એવા ગામની કહાની જોવા મળી કે જેમાં ૩૬ વર્ષના યુવાન વિજય ડોબરિયાએ તેમના વતનના વિસ્તારને હરિયાળો બનાવી દીધો છે. વ્યવસાયે બિઝનેસમેન એવા આ ડોબરિયાએ તેમના વતન પડધરી તાલુકાના ફતેપુરામાં ચાર વર્ષ પહેલાં ચોમાસામાં હજારો રોપાં વાવ્યા હતા. વાવણી કર્યા પછી તેની સતત તકેદારી પણ તેમણે રાખી પરિણામ એ આવ્યું કે આ તમામ રોપા આજે વૃક્ષ બની રહ્યાં છે. તેમણે અત્યાર સુધીમાં ૨.૧૮ લાખ વૃક્ષ વાવ્યા છે. વૃક્ષારોપણ કરીને વિજય ડોબરિયા સંતોષ માનતા નથી ત્યારપછી તેમણે ૫૦૦ સ્વયંસેવકોની બનાવેલી ટીમને માર્ગદર્શન આપી વૃક્ષનું જતન કરવાનો આદેશ કરે છે. તેમની આ પ્રવૃત્તિમાં બીજા એક ગામ ખાકડાબેલાના મુન્નાભાઈ જાડેજા સહયોગી બન્યા છે. તેમણે રોપાં ઉછેરવા માટે ૧૨ વીઘા જમીનમાં નર્સરી બનાવી છે. આ નર્સરીમાં ચાર લાખ રોપાં ઉછરે છે જે સાત થી આઠ ફુટના થાય ત્યારે તેને ગામડાઓમાં વિવિધ જગ્યાએ જમીનમાં વાવી દેવામાં આવે છે. રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં ૬૦ ગામ આવેલા છે જે પૈકી ૪૫ ગામમાં વૃક્ષારોપણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

**વધુ સાત આઇએએસ ઓફિસરો દિલ્હી જઇ શકે છે...**

ગુજરાતના બે ડઝન કરતાં વધુ ઓફિસરો દિલ્હીમાં ડેપ્યુટેશન પર ગયેલા છે છતાં બીજા વધુ નવ ઓફિસરોનું ડેપ્યુટેશન પર જવાનું પ્લેટફોર્મ તૈયાર થયું છે. ગુજરાત કેડરના નવ આઈએએસ ઓફિસરોને કેન્દ્ર સરકારે એમ્પેનલ્ડ કર્યા છે. આ ઓફિસરોમાં કે. શ્રીનિવાસ, સુનયના તોમર, પંકજ જોષી, કમલકુમાર દયાની, મનોજ અગ્રવાલ, મનોજ કુમાર દાસ, ગુરૂપ્રસાદ મોહપાત્રા, પી.ડી.વાઘેલા અને સંગીતાસિંઘનો સમાવેશ થાય છે. આ નવ ઓફિસરો પૈકી સાત ઓફિસરો ડેપ્યુટેશન પર નવી દિલ્હી જઈ શકે છે. કેમ કે નવ પૈકી બે ઓફિસરો કે. શ્રીનિવાસ અને ગુરૂપ્રસાદ મોહપાત્રા હાલ દિલ્હીમાં વિવિધ મંત્રાલયોમાં ફરજ બજાવી રહ્યાં છે. અલગ અલગ કેડરના આ અધિકારીઓ પૈકી સુનયના તોમર અને પી.ડી.વાઘેલા અગાઉ ડેપ્યુટેશન પર જઈ આવ્યા છે. હાલ ગુજરાતમાં મનોજ કુમાર દાસ પાસે બે હોદ્દા છે. એક તો તેઓ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અગ્રસચિવ છે અને બીજો ચાર્જ તેમને ઉદ્યોગ વિભાગનો સોંપવામાં આવેલો છે. એમ્પેનલ્ડમાં તેમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે તેથી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કરીને તેઓ ગુજરાતમાંથી વિદાય થાય તો નવાઈ પામવા જેવું નથી.

**એક પાટીદાર યુવાને વતનનું ઋણ અદા કર્યું છે...**

પાટીદારો ધારે તે કરી શકે છે તેના એક નહીં અનેક ઉદાહરણ છે. વિદેશમાં રહેતા પટેલ પરિવારો તેમના વતનમાં એટલું બધું દાન

### રાજનીતિમાં આલિંગન - રાહુલ ગાંધીએ શરૂ કરેલી પ્રથા હવે આગળ વધી શકે છે

આપે છે કે તે ગામમાં સરકારી સહાય ન હોય તો પણ ચાલે છે. આફ્રિકામાં જન્મેલા અને મૂળ વડોદરા જિલ્લાના વતની ડો. કિરણ પટેલની ઈચ્છા છે કે ગુજરાતમાં તેઓ કૃષિ યુનિવર્સિટી બનાવે. તેમણે વડોદરા પાસેના હરવણ પાસે ૨૨૦ વિઘા જમીન લીધી છે જ્યાં તેઓ આ યુનિવર્સિટી બનાવી રહ્યાં છે. યુએસના ફ્લોરિડાના ટેમ્પામાં રહેતા ડોક્ટર દંપત્તિ કિરણ પટેલ અને તેમના પત્નિ પલ્લવી મેડીકલ શિક્ષણને વધારે મહત્વ આપે છે. તેમણે નોવા સાઉથ ઈસ્ટર્ન યુનિવર્સિટીને ૧૩૧૨ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. તેઓ હાલ ફ્રિડમ હેલ્થ કંપની ચલાવી રહ્યાં છે, જયારે પલ્લવી પટેલ પિડિયાટ્રિશ્યન છે. કિરણ પટેલ પણ વતનની વાટે છે. વતનમાં તેમનું સ્વપ્ન પૂર્ણ કરવા તેઓ મક્કમ દિશાએ આગળ વધી રહ્યાં છે.

**રાહુલ ગાંધીનો બદલાવ ૨૦૨૪માં કામ આવશે...**

'માત્ર પ્રેમ અને કરૂણા એકરાષ્ટ્ર બનાવી શકે છે' —આ વાક્ય કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનું છે. તેમણે નો કોન્ફિડેન્સ મોશન પછી બીજા દિવસે કહ્યું છે. રાહુલ ગાંધીની જાદુ કી જપ્પી દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ખુરશીમાં હેબતાઈ ગયા હતા. તેમને સ્વપ્નેય ખ્યાલ નહીં હોય કે રાહુલ ગાંધી તેમને આવી રીતે અચાનક આલિંગન કરશે. ચલો, સારૂં થયું કે હગ કરવાનો એક નવો અધ્યાય શરૂ થયો છે. નરેન્દ્ર મોદી દેશ-વિદેશના મહાનુભાવોને હગ કરે છે તે જોઈને રાહુલને પણ શૂરાતન ચઢ્યું અને તેમણે મોદીને હગ કરી દીધું. રાજનિતીમાં આ સિરસ્તો નવો નથી. સંઘ પરિવારના એક સમયના સુપ્રીમો શુદર્શને તો કહ્યું હતું કે ભારતમાં જો ભાજપ અને કોંગ્રેસ એક થઈ જાય તો તમામ સમસ્યાઓનું સમાધાન આવી શકે, એટલું જ નહીં કોઈપણ બહારી દેશ ભારત સામે ઉંચી આંગળી કરી શકે નહીં. એક વરીષ્ઠ રાજનીતિજ્ઞ કહે છે કે—ભારતનું ભલું થતું હોય તો વિવિધ પાર્ટીઓએ એક બનીને લડત આપવી જોઈએ. કારગીર યુદ્ધ સૌથી મોટું ઉદાહરણ છે. ગુજરાતની નર્મદા યોજના બીજું ઉદાહરણ છે. આખરે રાજનેતાઓ જનતાની ભલાઈ માટે તો હોય છે. રાહુલ ગાંધી રાજનિતીના પાઠ શીખી રહ્યાં છે જે તેમને ૨૦૨૪માં તો અવશ્ય કામ આવશે.